ગૂઢ ચોકડી એવા દુલર્ભ યોગમાં જન્મનાર ઓપરાનું જીવન દંતકથા

તેનું રહસ્ય તેણીની કુંડલીમાં સ્પષ્ટ છે. તેણીને ક્યારે શાંતિથી બેસવાનું નહીં મળે. આ જીવન પ્રવૃત્તિમાં રહેવાનું થાય અને પોતાની સહજ હરકતોથી દુનિયાને આ જીદે તેવા યોગ એટલે કેન્દ્ર ખાલી!

આજ કાલ ભારતની મુલાકાત આવેલી ઓપરા વિન્ફ્રેને મળવા માટે બોલીવુડ અને કોર્પોરેટ જગતની મોટી મોટી હસ્તીઓ તેણીને મળવા માટે પડાપડી કરી છે તથા સદીના મહાનાયક બીગબી જાતે ડ્રાઈવિંગ કરીને ફેરવનાર ઓપરા વિન્ફ્રેની ખરેખર એક યુગને સંભવે તેવી વ્યક્તિની કક્ષામાં આવે તેવી તેણીની અદ્‌ભુત કુંડલી છે!

ભયંકર કારમી ગરીબીમાં જન્મનાર અને અતિ સંઘર્ષમય બાળપણ વિતાવનાર ઓપરા આજે દુનિયાની મહાન વર્ગદાર વ્યક્તિઓ કે મહિલામાં સન્માનિત છે. અઢળક સંપત્તિની માલિક છે અને અમરકીર્તિના સર્વોચ્ચ શિખર પર છે! એક ટોક શોના સંચાલનના કારણે કોઈ વ્યક્તિ આટલી ઊંચાઈએ ભાગ્યે જ પહોંચી શકે! પોતાની આગવી સ્ટાઈલના કારણે તે ફક્ત અમેરિકામાં જ નહિ પણ દુનિયાભરમાં પ્રખ્યાત છે. ભારતમાં પોતાની નવી સિરીજ 'નેકસ્ટ ચેપ્ટર' કે જે પોતાના જાણીતા શોનો એક હિસ્સો છે તે માટે આવેલ છે અને તેણીને મળવા ભલભલા વર્ગદાર વ્યક્તિઓએ રીતસર પડાપડી કરી છે. આવું તો આ ઓપરામાં શું છે? આ માટે તેણી એક કાળી ચામડીની હોવા છતાં અમેરિકામાં છવાઈ ગઈ? અને આખી દુનિયાનું ધ્યાન પોતાના તરફ કેવી રીતે આકર્ષિત કરી શકી? તે પણ એક ટોક શોના કારણે? શા માટે દુનિયાભરની મહાન હસ્તીઓ ઓપરાને મળવામાં ગૌરવ અનુભવે છે? આ અને અન્ય પ્રશ્નોનો જવાબ ઓપરા વિન્ફ્રેની કુંડલીમાંથી મેળવીએ.

હળાહળ અપમાનિત અવસ્થામાં બાળપણ વિતાવતી ઓપરા ૧૯૭૧માં ફક્ત ૧૭ વર્ષની ઉંમરે મીસ બ્લેકનું ઈનામ જીતી ત્યારે તે એક સ્ટોરમાં પોતાના બાળપણને કુચળતી સ્થિતિમાં સામાન્ય નોકરી કરતી હતી. ૧૯૭૧માં કેન્દ્રવિપતિ બુધની મહાદશામાં બારમે રહેલ મંગળની અંતરદશા ચાલતી હતી. તેણીની કુંડલીમાં ચંદ્ર અને મંગળ આઠ અને બારના માલિકોની યુતિ બારમે એક જાતના વિમળ યોગ કરે છે. જો કે આ યોગ છઠ, આઠ અને બારના માલિકોની યુતિ જો બારમે થાય ત્યારે પૂર્ણ બને છે. છતાં અહીં ચંદ્ર-મંગળ વિપરીત રાજ યોગ કરે છે! આ બંને મિત્ર ગ્રહો નીચભંગ રાજયોગ પણ કરે છે! આ અર્ધ મિલ યોગના કારણે તેણીમાં વિનમ્રતા, નિર્મળતા, સ્વતંત્ર વિચારસરણી, કલા પ્રત્યે અભિરૂચિ, સદ્‌ગુણી, પરગજુપણું અને લોકમાન્ય બની છે. લોકોના દિલમાં સ્થાન આવા જાતકોને મળે જ છે! અને આ યોગ લક્ષ્મીયોગ પણ કરે છે. માટે તેણીની આર્થિક સ્થિતિ આટલી ઊંચાઈએ પહોંચી છે.

સામાન્ય રીતે બારમે ચંદ્ર-મંગળનું શુભ ફળ મળતું નથી. પણ અહીં તેણીને શુભ ફળ દાતા બને છે! તેનું મુખ્ય કારણ અને એક સામાન્ય બ્લેકસ્કીન યુવતીને દુનિયાની સર્વ શ્રેષ્ઠ, ટોલ્ક શો હોસ્ટ અને એક્ટ્રેસ બનાવનાર યોગ અને ભાગ્યે જ જોવા મળે તેવો ગૂઢ ચોકડી યોગ છે! ખૂબ જ ઓછા વ્યક્તિઓનો જન્મ આ યોગમાં થતાં હોય છે. માઈકલ જેકશનની કુંડલીમાં પણ આવો યોગ હતો! આવા યોગમાં જન્મનાર વ્યક્તિ મોટા ભાગે યોગભ્રષ્ટ આત્મા હોય છે! તેઓનો જન્મ દુનિયાનું કલ્યાણ કરવા, કે દુનિયામાં ઉથલપાથલ મચાવવા થતો હોય છે. બે પ્રકાર ય જાતકો આવા યોગ સાથે જન્મે છે. કાં તો અતિસુખ સમૃદ્ધિ અને કીર્તિ સાથે જગતનું કલ્યાણ કરે છે અથવા દુનિયામાં એવું કંઈક કરીને અમર બને છે જે લોકોને ગમતું હોય છે. બીજા પ્રકારનો જાતક અતિકંગાળ અવસ્થામાં રહીને પોતે અને પરિવારને દુઃખી કરે છે અને ભયંકર મુસીબતોમાં ફરજિયાત જીવન જીવવું પડે છે. અનેક રોગો સાથે દયનીય સ્થિતિમાં જીવન પસાર કરે છે. કારણ કે તેના પૂર્વના ઉચ્ચ સંસ્કારોને તેણે લજ્જીત કર્યા હોય છે માટે આ જન્મમાં તેણે આવું જીવન પસાર કરવું પડે છે.

ઓપરા વિન્ફ્રેની કુંડલી



ઓપરા વિન્ફ્રે ગૂઢ ચોકડી યોગની સાથે, આ શીત લગ્ન ગંડાત યોગમાં જન્મેલ છે, માટે તેના પૂર્વના શુભ કર્મોનું તે શુભ ફળ ભોગવે છે! કારણ કે લગ્નથી છઠે ગુરુ અને ચંદ્રથી સાતમે ગુરુ અધિયોગની સાથે ગજ કેસરી યોગ પણ કરે છે જે જ્ઞાની, વિનય, સહૃદયી, કીર્તિમાન, ઐશ્વર્યવાન બનાવે છે. આ યોગના કારણે જ તેણી પોતાનો પ્રભાવ દરેક જગ્યાએ બતાવી શકે છે. સંવેદનશીલતાની પરકાષ્ટાએ જઈને પોતાના મૌલિક વિચારોને આસાનીથી વ્યક્ત કરી શકે છે. આ જ રીતે વધુ મતિ યોગના કારણે અખુટ ધન, કીર્તિ આપનાર છે. સાથે ધનેશ-લાભેશ, શનિ-શુક્ર જે બંને પરમ મિત્ર છે તેના પરિવર્તનના કારણે ખલ નામનો શક્તિશાળી યોગ બને છે. આ યોગના કારણે જ તેણી પોતાની જાતને પરિસ્થિતિ અને સમય, સંજોગો તથા સ્થળ પ્રમાણે ઢાળી શકે છે અને પોતાની વાકછટાથી સાચું ખોટું જે કંઈ હોય તેને સરળ રીતે મીઠી મધુરી ભાષામાં અંતઃકરણપૂર્વક વ્યક્ત કરી અને કરાવી શકે છે. જે ન ધારેલી સફળતા આપનાર યોગ છે. કારણ કે બંને મિત્ર ગ્રહોથી આ યોગ બને છે.

બીજ વાણી સ્થાનમાં સૂર્ય-બુધ, શુક્ર અને રાહુ ઉત્તમ કોટીના કલાકાર અને વકતાના ગુણ આપે છે. વિનોદીવૃત્તિ રાહુ, બુધ અને વિષય વસ્તીના મૂળ સુધી જઈને હાજર જવાબીપણું બુધ આપે છે. ફળદ્રુપ ભેજુ તથા અખલીત દલીલ શક્તિ કે જેમાં શબ્દે શબ્દમાં જ્ઞાન હોય છે. બુધ-શુક્ર લક્ષ્મીયોગની સાથે હાસ્ય રમુજ યુક્ત કટાક્ષમાં પૂર્ણ રીતે શાસ્ત્રોક્ત વકતવ્યની પ્રેરણા આપે છે. બુધ-રાહુ-કલાની દુનિયામાં મશહુર કરે છે. બુધ-આધિત્ય યોગ વિધવતા આપે છે. બીજા સ્થાનમાં ચાર ગ્રહો એટલે પ્રવ્રજ્યા નામનો સિદ્ધિ યોગ પણ કરે છે. જે પૂર્વ જન્મના તમામ જ્ઞાનને વ્યક્ત કરાવે છે. ગૂઢ ચોકડી એટલે બીજા, છઠા, આઠા અને બારમા સ્થાનમાં ગ્રહો અને કેન્દ્ર ત્રિકોણ ખાલી! છે ને આ અદ્‌ભૂત યોગ! છઠે રહેલ ગુરુ અજાત શત્રુતા આપે છે. આખી દુનિયા તેની મિત્ર! ઉચ્ચના શનિમાં જન્મી માટે ગરીબીમાંથી સંઘર્ષમય જીવનની શરૂઆત થઈ. બુધની મહાદશામાં તેણી ચમકવા લાગી. કેતુની મહાદશામાં તે ટી.વી.ની દુનિયામાં છવાઈ ગઈ.

૨૦૦૫ સુધીની શુક્રની મહાદશામાં આકી દુનિયામાં પ્રખ્યાત થઈ. હાલમાં સૂર્યની મહાદશા ૨૦૧૧ સપ્ટે. પૂર્ણ થઈ અને વિપરીત રાજયોગ કરતા. અષ્ટમેશ ચંદ્રની મહાદસા ૨૦૨૧ સુધીની ચાલે છે. જ્યોતિષના નિયમ પ્રમાણે ચાર, આઠ અને દસના માલિકનો યોગ એટલે જાતક મહાભાગ્યશાળી સાબિત થાય. ચોથાનો માલિક ગુરુ અષ્ટમેશ ચંદ્ર પર અને કર્મેશ બુધ પર દ્રષ્ટિ કરે છે. વળી, ગુરુ વક્રી છે માટે તેણીના ભવ્ય ભૂતકાળનું પૂનરાવર્તન થાય જ માટે જ નિવૃત્તિની જાહેરાત છતાં પાછી કાર્યરત થઈને આખી દુનિયાનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કરી શકી છે!

- જ્યોતિષાચાર્ય હંસરાજ

કર્ટનકોલ

અનુસંધાન પાનાં આઠનું

નંદિની ત્રિવેદીનું મિલે સૂર...

શીર્ષક લેખિકાની અને પ્રત્યેક કલાકારની હથોટીનું દર્શન કરાવે છે. એક-બે ઉદાહરણઃ મારો અવાજ જ મારી ઓળખઃ હંસા દવે.... સાહિત્યિક કૃતિ માટેનું કામ મારું સામાજિક ઉત્તરદાયિત્વઃ સુરેશ જોષી.... વ્યકિત જીવનપર્યંત મ્યુઝિકલ રહે એ નિજાનંદ અને મનોશાંતિ બંને માટે જરૂરીઃ કૌમુદી મુનશી.... નંદિનીના ત્રણેત્રણ પુસ્તકો સંગીતની દુનિયા સાથે નિસ્બત ધરાવે છે. ગીત ગુર્જરી- ગઝલ ગુર્જરી અને ગૌરવ ગુર્જરી ગુજરાતની અસ્મિતાને એની મેઘધનુષી રંગછટામાં સુપેરે ઉજાગર કરે છે. ગુજરાતી ભાષાને બચાવવા 'વાંચે ગુજરાત'ની સાથે 'ગાયે ગુજરાત' પણ જરૂરી છે. ગુજરાતી હોવા સાથે નિસ્બત ધરાવતા પ્રત્યેક ગુજરાત પ્રેમીએ આ ત્રણે પુસ્તક વાંચવા જોઈએ. આ પુસ્તકોનું સંદર્ભ સાહિત્યક્ષેત્રે દસ્તાવેજી મૂલ્ય છે. અલબત્ત, આ પુસ્તકોમાંથી પસાર થવાનો આનંદ તો અનોખો જ, તો પણ ઘણાં બધાં ગીતો રચનાઓથી પરિચિત હોવાના કારણે એ આનંદ બેવડાયો. નંદિની જયંતભાઈ પંડયાની દીકરી હોવાના કારણે એ ત્રેવડાયો. નંદિનીના ત્રણે પુસ્તકો ગુજરાતે વધાવી લેવા જોઈએ.

પ્રવાસી પારાવારના

અનુસંધાન પાનાં આઠનું

માનવમનનો આયનોઃ સિક્કિમનાં...

વાજિંત્રોની સંગતમાં કરાતું નેપાળી લોકનૃત્ય મારુનીનો સંબંધ રામાયણ સાથે છે. રામ વનવાસ પરથી પાછા ફર્યા, તેની કુશાલી વ્યકત કરતવું આ નૃત્ય છે. રામના પુનરાગમનને તાદ્રશ કરતા નૃત્યમાં કલાકારો સાથે ધાતુ વારય નામનો વિદૂષક પણ નૃત્ય કરતો હોય છે! ભૂટિયાઓનું લોકપ્રિય નૃત્ય તાશિ સબ્ડો ઈશ્વરને અથવા માનનીય લોકોને તથા મહેમાનોને સન્માનાર્થે રેશમી ખેસ જેને ખાડા કહેવાય છે, તે અર્પણ કરવાનું નૃત્ય છે. રિસોર્ટના એ મિત્રોએ અમને જાત જાતનાં લોકનૃત્યો બતાવ્યાં, અને એમ પોતાના પ્રદેશની માટીની સુગંધથી પરિચિત કરાવ્યાં.

સન્ડે સ્પેશ્યલ

અનુસંધાન પાનાં ચારનું

શૈલીના લગ્નમાં વપરાતા દાગીના સહિતની જણસોનો પ્રદર્શન માત્ર ભારતમાં જ નહીં! વિદેશમાં પણ યોજાય છે. ત્યાંના માર્કેટરો નવું અને છતાં પારંપરિક શોધવા ભારતમાં પ્રવાસ કરતા જ રહે છે.

માત્ર કંકોતરી જ ચાંદીના પતરા પર છપાય છે તેવું નથી, કંકોતરી સાથે ભેટસોગાદ આપવા માટે વપરાતા બોકસ પણ કાર્ડબોર્ડ, પ્લાસ્ટિકના જ નહીં, ચાંદીના પણ હોય છે. જે જ્વેલરી બોકસ કે મેકઅપ બોકસ તરીકે પણ વપરાય.

'Make it grand' અંગ છે. આજના તાલેપંતોનો લગ્નસમારંભ માટેનો મુદ્દાલેખ. વરકન્યાનો ઘર-સંસાર પણ ચાલે ત્યાં સુધી grand હોય છે. નહીં તો પછી...

કડક મીઠી

અનુસંધાન પાનાં પહેલાનું

નબળો શાહરૂખ કુંદર પૂરો શૂરો

દેખાડો કહેવાય. સમાધાન તો ત્યારે કહેવાય જ્યારે શાહરૂખ સામો ચાલી સૉરી કહેવા ગયો હોત! પણ જવા દો, પટકથા વિના સીન ભજવવાના હોય તો ફિલ્મવાળા અટવાઈ જતા હોય છે. પણ કુંદરને લાફાથી શાહરૂખે ભરપાર્ટીમાં એટલું તો એનાઉન્સ કરી જ દીધું કે તેની ફિલ્મો હવે ફલોપ જાય છે, મતલબ કે તે પોતે ફલોપ જાય છે. હવે ફિલ્મવાળાઓ સબક શીખશે કે શાહરૂખ જેવાને પાર્ટીમાં ન બોલાવવો અને બોલાવો તો દરેકના મોઢે વાંદરાટોપી પહેરાવી દેવી. જે હીરો બબ્બે વાર ડોન બન્યો તો ય માર ખાઈ ગયો અને રા-વન બની નંબર વન પૂરવાર થઈ ગયો તોય રાડ પાડી ગયો તેનો ભરોસો નહીં. હીરોની ખુદની ફિલમ ઊતરી જાય ત્યારે બહુ કરુણ લાગતું હોય છે.

અક્ષાંશ રેખાંશ

અનુસંધાન પાનાં પહેલાનું

ભારતીય રાજકારણઃ તોફાન પહેલાંની શાંતિ

માટે કોંગ્રેસ અને ભાજપ બંનેનો પનો ઘણો ટૂંકો પડે, અને જો તેમ થાય તો કેન્દ્રના રાજકારણમાં કેવી અનિશ્ચિતતા તથા અસ્થિરતા સર્જાઈ શકે તેની કલ્પના કરવાનુંયે સુખદ નહિ નીવડે. આમ હવે પછીના સાતસોથી વધારે દિવસો દેશના ભાવિનો નિર્ણાયક નીવડી શકે.

હવે આમાં વિશ્વની અને દેશની ગંભીર આર્થિક દશા, મોંઘવારીને કારણે પ્રજાનો વધતો રહેલો રોષ, ભ્રષ્ટાચારના અનિષ્ટને નાથવા માટેની કોંગ્રેસની સોગઠાંબાજીમાં 'પોતાનાંઓને' વાચા આવે તેની રખાતી કાળજી, ડૉ. સુબ્રહ્મણ્યમ સ્વામીની 'વન પોઈન્ટ એજન્ડા' જેવી કોરટબાજી, મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ, શરદ પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી અને ડી.એમ.કે.નું કેન્દ્રીય ગઠબંધન યુ.પી.એ. પ્રત્યેનું સાશંક વલણ, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના રાજકીય ભાવિને અમલમાં મૂકવાની કોંગ્રેસની યુકિતપ્રયુકિતઓ ચિદમ્બરમ્ જેવા કેન્દ્રના મહત્ત્વના મંત્રીની આસપાસ શંકાનો ઘેરો, વગેરેનો વિચાર કરીએ તો હવે પછીના સાતસો કરતાં વધારે દિવસો દેશ માટે કંઈક અવનવું સર્જવાની ગુંજાયશ ધરાવનારા લાગે છે.

વેરવિખેર

અનુસંધાન પાનાં ત્રણનું

પત્યા પછી મળવાનું રાખીએ.'

'ત્યાં સુધી આ પૈસા?' ઉસ્માને કહ્યું.

'ભરત,' વિજયે ભરતને બોલાવ્યો, 'આ પૈસા હમણાં તારે ત્યાં મૂકી રાખ, પછી આપણે સરપંચસાહેબને આપી દેવાના છે.'

એ વખતે સવારના લગભગ સાડા દસ વાગ્યા હતા. બધાને જમવાનો ટાઈમ બાર વાગ્યાનો આપ્યો હતો એટલે ચારે બાજુ તડામાર તૈયારીઓ ચાલતી હતી. ધવલ અને કોલેજના વિદ્યાર્થીઓ બધી ગોઠવણી કરતા હતા.

બાર વાગ્યે જમણવાર શરૂ થયો અને રોજકાના પાદરમાં માનવમહેરામણ છલકાયો. બે વાગ્યા સુધીમાં લગભગ આખા ગામે જમી લીધું, ને એ પછી ઉસ્માનના માણસો અને બહારગામથી આવતા માણસોનો પ્રવાહ શરૂ થયો. લગભગ સાડા ત્રણ વાગ્યે બધાનું જમવાનું પત્યું, એ પછી વિજય, હીરેનભાઈ, ભરત, ઉસ્માન અને સરપંચ સહિત પંચાયતના સભ્યો જમવા બેઠા. જમ્યા પછી ઉસ્માને ઈશારો કર્યો, એટલે ભરત ઘેરથી પૈસાનું પાઉચ લઈ આવ્યો.

'સરપંચસાહેબ,' ઉસ્માને કહ્યું, 'આમાં પચ્ચીસ લાખ રૂપિયા છે. તમે હવે જેમ બને એમ જલ્દી હાઈસ્કૂલ બનાવવાનું કામ શરૂ કરી દેવડાવજો, ને મારી જરૂર પડે ત્યારે મને બોલાવી લેજો.'

'આ હીરેનભાઈ પ્લાન બનાવડાવીને મોકલે,' સરપંચ દોલતસિંહ બોલ્યા, 'એટલે આપણે કામ શરૂ કરાવી દઈશું. પ્લાન આવે એટલે હું તમને બોલાવડાવીશ. મેં ધંધુકા કોન્ટ્રાકટર રસુલભાઈ ઘોઘારીને વાત કરી જ દીધી છે, ને એ જલ્દી કામ પતાવી દેશે.'

'હું આજે સાંજના નીકળું છું,' હીરેનભાઈએ કહ્યું, 'ને સુરત જઈને પહેલું કામ આ પ્લાન બનાવડાવવાનું જ કરીશ.'

'ભરત,' વિજય બોલ્યો, 'આ બધી ધમાધમમાં મમ્મી ને તસ્લીમાનું જમવાનું મોકલાયું કે ભૂલી જવાયું છે?'

'એ લોકોને તો જમવાનું શરૂ થયું કે તરત જ મોકલાવી દીધું હતું,' ઉસ્માને કહ્યું, 'મેં મારા ગાર્ડઝને સૂચના આપી જ રાખી હતી.'

સાંજ પડતાં પડતાં તો હવામાં આછી આછી ઠંડક શરૂ થઈ ગઈ. હીરેનભાઈ એમના પરિવારને લઈને સુરત જવા નીકળ્યા. અનાયા પણ વિજયને શાંતિથી મળી ન શકાયું એ અફસોસ સાથે ગાડીમાં બેઠી.

મોડી સાંજે રસોઈવાળા રવાના થયા, એ પચી મંડપવાળાઓએ મંડપ સંકેલવાની કામગીરી આરંભી. બધું ચોખ્ખું થતાં રાતના બાર વાગી ગયા. તસ્લીમા ઉમા પાસે ઊંઘી ગઈ હતી. મંડપવાળાની અને રસોઈવાળાની ટ્રકો રાતે એક વાગ્યે રોજકાથી અમદાવાદ જવા નીકળી. એ પછી ઉસ્માન વિજય પાસે આવ્યો.

'વિજય,' ઉસ્માન બોલ્યો, 'હું, તું ને ભરત આજ સવારથી જ આ મંડપ પાસે ઊભા પગે છીએ. તને ને ભરતને થાક લાગ્યો હશે, હવે હું અમદાવાદ જવા નીકળું અને તમે લોકો પણ આરામ કરો. કાલે સવારના હું કૈં વધ્યુંઘટ્યું કામ હોય તો આવી જઈશ.'

'ભલે,' વિજયે કહ્યું, ને ભરતને તસ્લીમાને લેવા મોકલ્યો. ઉસ્માનની ચાર ગાડીઓ પાદરમાં હતી. તસ્લીમાને લઈને ભરત આવ્યો, એટલે બે ગાડીમાં બોડીગાર્ડ બેઠા અને ત્રીજી ગાડીમાં ઉસ્માન અને તસ્લીમા બેઠા.

'વિજય', ઉસ્માને કહ્યું, 'હજી તારે ઘણાં કામ પતાવવાના હશે એટલે આ એક ગાડી હું મૂકતો જાઉં છું, એ તું વાપરજે અને કાલે સવારના તો હું પાછો આવીશ. કદાચ સવારે ન અવાય તો બપોરના આવીશ, પણ આવીશ નક્કી.'

'ભરત,' તસ્લીમાએ કહ્યું, 'તારું ગામ તો જોવાયું, પણ તને શાંતિથી મળાયું નહીં. હું પણ એક વખત નિરાંતે આવીશ! અત્યારે તો આંખોમાં તારા ગામની યાદો ભરીને લઈ જાઉં છું, નિરાંતે વાગોળીશ.'

વિજય અને ભરત ઉસ્માનના ગયા પછી ઘેર ગયા. ઉમા હજી જાગતી જ હતી.

'વિજય બેટા,' ઉમાએ કહ્યું, 'તું થાક્યો હોઈશ. બે દિવસ તેં ગજબની દોડાદોડી કરી છે, એટલે હવે આરામ કર.'

'મેં એવી કૈં દોડાદોડી નથી કરી મમ્મી,' વિજયે કહ્યું, 'ગામના લોકોએ જ કામ ઉપાડી લીધું હતું. પણ, હવે આરામ કરવાનો સમય ક્યાં છે? પંદર દિવસ પછી તો પરીક્ષા છે. એની તૈયારીમાં જોતરાઈ જવું પડશેને?'

'બધું થઈ પડશે બેટા,' ઉમાએ કહ્યું, 'ઉસ્માન અને તસ્લીમા ગયા?'

'હા મમ્મી,' વિજયે કહ્યું, 'એ લોકો ગયા અને મંડપ ને રસોઈવાળા પણ ગયા. હવે ગામનું પાદર પહેલાનાં જેવું જ થઈ ગયું.'

'ચાલો, એક કામ તો પત્યું!' ઉમા બોલી, 'તારા પપ્પાનો આત્મા ઉપરથી તને આશિષ આપતો હશે.'

ઉમા બોલતી હતી એ વખતે વિજયના નસકોરા બોલતા હતા. થોડીવજાર પછી ઉમા પણ ઊંઘી ગઈ.

બીજે દિવસે બપોરના ઉસ્માન આવ્યો.

'ઉસ્માન,' વિજયે એને પૂછ્યું, 'ગઈ કાલે મેં તને પ્રશ્ન પૂછેલો કે, મારું ને તસ્લીમાનું તો સમજ્યા, પણ ભરતને શા માટે જોખમ છે?'

'વિજય,' ઉસ્માને કહ્યું, 'ભરત અને તસ્લીમાની દોસ્તીની વાત મેં ભાઈને કરી હતી અને ભાઈની ઈચ્છા એવી છે કે...' આટલું કહી ઉસ્માન અટક્યો.

'શી ઈચ્છા છે ભાઈની?' વિજયે ઉત્સુકતાથી પૂછ્યું.

'ભાઈની ઈચ્છા એવી છે કે,' ઉસ્માને વાત પૂરી કરી, 'તસ્લીમા માટે સાદો અને પ્રમાણિક છોકરો જ જોઈએ. પૈસાદાર ન હોય તો વધારે સારું. એટલે, ભાઈની ઈચ્છા ભરત સાથે જ તસ્લીમાના નિકાહ કરવાની છે! અને આ વાતની પણ સાવંતને ખબર પડી ગઈ છે!'

વિજય સ્તબ્ધ બની ગયો!

(ક્રમશઃ)

સાયન્સ ટેક

અનુસંધાન પાનાં બેનું

હંમિગ બર્ડ પક્ષી ખરું, પણ...

સુધી લાવી દે છે. આ સંજોગોમાં ચયાપતયની ક્રિયા ધીમી પડી જાય છે. આથી રાત્રે શક્તિનો વપરાશ ઘટી જાય છે અને તેથી જ હમિંગબર્ડ સવારે ઉઠી શકે છે. જો કે ઉઠતાંની સાથે જ તેની ખા ખા કરવાની ફેક્ટરી ફરી શરુ કરી જ દેવી પડે છે.

પ્રશ્ન એ રહયો છે કે પક્ષીનું અસ્થિપીંજર હોવાથી તે જંતુની જેમ કેમ ઉડાઉડ કરી શકે છે? પક્ષીનું અસ્થિપીંજર હોવાને કારણે તે સાવ હલકાફૂલ બનીને કઈ રીતે ઉડી શકે છે? આ રહસ્ય ઉકેલવા માટે નોર્થ કેરોલિના યુનિવર્સિટીના જીવવિજ્ઞાની ટાયસન હેડ્રીકે એક્સ રેના વીડીયો થકી હમિંગબર્ડના ઉડ્ડયનનો અભ્યાસ કર્યો છે. એમ તો સ્વાભાવિક છે કે આપણને જેમ ખભાના હાડકા હોય છે, તેમ પક્ષીઓને પણ એ હાડકા પાંખ સાથે જોડાયેલા હોય છે. પરંતુ ખભાના ઉપયોગ કરીને હમિંગબર્ડ પોતાની પાંખને પાછળ અને આગળ વીંઝે છે, મતલબ કે તે કબુતરની જેમ નહીં પણ ફળમાખીની જેમ પાંખ વીંઝે છે. એક્સ રે વીડીયો થકી જણાયું છે કે પક્ષીઓમાં કાંડાનું પાંખ પરિવર્તન થયું છે, તેથી આપણાં કાંડાના હાડકાં પક્ષીઓમાં પાંખ સાતે જોડાયેલા હોય છે. આ સંજોગોમાં હમિંગબર્ડમાં ખભો અને કાંડુ ખાસ દૂર હોતું નથી, તેથી એ બંને સાંધાનો ઉપયોગ કરીને પાંખને બીજા પક્ષીઓ કરતાં ઉલ્ટી ફફડાવી શકે છે. ૧૯૩૯માં જર્મન વિજ્ઞાનીઓએ આ સુચન કર્યું હતું જ, પરંતુ હેડ્રીકે એ માન્યતાને સમર્થન કરતાં પુરાવા રજુ કર્યા છે. બ્રાઉન યુનિવર્સિટીમાં વીઝીટીંગ રીસર્ચર તરીકે કામ કરતાં હેડ્રીક તથા અન્ય સંશોધકોએ એક્સ રે વીડીયોનો પ્રયોગ કર્યો હતો. શરુઆતમાં તો હમિંગબર્ડ નાનું પક્ષી હોવાને કારણે હાઈ સ્પીડ એક્સ રે વીડીયો કેમેરામાં ખાસ કાંઈ જડપાતું ન હતું, તેથી હમિંગબર્ડની ચામડી ઉપર, પાંખ ઉપર પ્લેટીનમનો જેલ લગાડીને તેના હાડકાં ઉડતી વેળા કઈ રીતે કામ કરે છે, તેનું નિરીક્ષણ કરવામાં સફળતા મળી હતી. સામાન્ય રીતે પક્ષીમાંના હાડકાં એરોડાયનેમિક્સનો ઉપયોગ કરીને કઈ રીતે ઉડ્ડયન કરે છે, તે જોવાનું કામ થઈ શકયું હતું. આ વીડીયોમાં જોઈ શકાયું હતું કે હમિંગબર્ડ તેના ઉપલા હાડકાનો ઉપયોગ કરીને પાંખને ફફડાવે છે, તેથી બીજા પક્ષીઓની જેમ તે આગળ વધવા માટે પાંખ ફફડાવી શકતું નથી. ખભા તથા કાંડાના હાડકાનો ઉપયોગ કરીને હમિંગબર્ડ હેલિકોપ્ટરની જેમ એક જ સ્તળે હવામાં તરી શકે છે. આ રહસ્ય ખુલ્યા બાદ હમિંગબર્ડના ઉડ્ડયનનું રહસ્ય બહાર આવી શક્યું છે, જે ફરીથી તેના ઉડ્ડયન ભણી ઘણાને આકર્ષીત કરશે એમાં કોઈ શંકા નથી.

જીવન સરિતાને તીરે...

અનુસંધાન પાનાં ચારનું

ખિલતો હોય છે. પરંતુ યૌવનાવસ્થાનો પ્રેમ સોડાબોટલના ઉભરા જેવો ગણાય. લગ્નજીવનના બે ત્રણ દાયકા બાદ- 'અતિપરિચયાદ્ અવજ્ઞા'ના ન્યાયે ધીમે ધીમે પ્રેમ ઓછો થઈ જાય છે અને કેવળ લગ્ન રહી જાય છે.

સમજો કે મામલો બિલકુલ એવો થાય છે કે ઍરપ્યોરિફાયરના ખોખામાંથી સુગંધીદાર ગોટી ઓગળી જાય છે અને માત્ર ખાલી ખોખું રહી જાય છે. દાંપત્યકાળના પ્રારંભિક તબક્કામાં પત્ની, પતિના વાળમાં તેલ નાખી આપે છે અને પતિ પણ પત્નીના વાળમાં વેણી નાખી આપે છે. વર્ષો બાદ વાળ, વેણી અને તેલ તે જ રહે છે પણ હથેળીમાંથી ઉમળકો અને તરવરાટ ઓછા થઈ ગયા હોય છે. અર્થાત્ આઈસ્ક્રીમ તેજ હોય છે પણ એની પહેલી ચમચીમાં જે મજા હોય છે તે છેલ્લીમાં નથી રહેતી. એવા સંજોગોમાં શું કરી શકાય? આઈસ્ક્રીમને લાગેવળગે છે ત્યાં સુધી આઈસ્ક્રીમનો ફલેવર બદલી શકાય પરંતુ દાંપત્ય જીવનમાં તો અંત સુધી એજ ચમચી અને એજ આઈસ્ક્રીમ હોય છે. પણ શાણા લોકો અહીં પણ સ્નેહ અભિવ્યકિતના ફલેવર બદલીને દાંપત્યજીવનને આઈસ્ક્રીમની જેમ મધુર અને તાજગીભર્યું રાખે છે.

ફિલ્મોગ્રાફ

અનુસંધાન પાનાં આઠનું

સંજય-રિતિકની 'અગ્નિપથ'...

પાત્ર સાથે એકાકાર થઈ શકે છે. આ ફિલ્મ પછી રિશીની કારકિર્દીને સારો વેગ મળશે. જે રીતે રણબીરે 'રોકસ્ટાર'ના અભિનય માટે શાબાશી મેળવી હતી એ જ રીતે રિશીએ રઉફલાલાના પાત્ર માટે પ્રશંસા મેળવી છે. આ ભૂમિકા માટે તે શ્રેષ્ઠ વિલનના એવોર્ડનો દાવેદાર બની શકે છે. પ્રિયંકા ચોપડા જ એક એવી સ્ટાર હશે જે 'અગ્નિપથ'માં કામ કરીને કદાચ પસ્તાતી હશે. તેના પાત્રની લંબાઈ ઓછી છે. તે ફિલ્મમાં હીરોઈનની જગ્યા ભરવા માટે જ લેવામાં આવી છે. તેના કરતાં એક જ આઈટમ ગીત કરીને કેટરિના કૈફ વધુ લોકપ્રિયતા મેળવી ગઈ છે. જો કે, ગીત માટે કેટરિનાની મહેનત કાબિલેદાદ છે. ફિલ્મમાં બીજા ગીતોમાં બહુ દમ ન હોવાથી 'ચિકની ચમેલી' આખી ફિલ્મની હાઈલાઈટ બની ગયું છે. સંગીતકાર અજય-અતુલે બેકગ્રાઉન્ડ સંગીતમાં પોતાની કાબેલિયત જરૂર બતાવી છે. ફિલ્મમાં કેટલીક બાબતો ટાળી શકાઈ હોત તો તે દર્શકોની પસંદ પર વધુ ખરી ઊતરી હોત. ઘણી જગ્યાએ વાર્તા કંટાળાજનક અને જૂની ફિલ્મનું પુનરાવર્તન લાગે છે. કોમેડીનો અભાવ પણ ખટકે છે. 'અગ્નિપથ'ના મિથુનના ક્રિશ્નન ઐયર જેવું એક પાત્ર જરૂરી હતું. તો અગાઉની 'અગ્નિપથ'ની સરખામણીએ હિંસા વધુ છે. ફિલ્મને 'યુ/એ' સર્ટીફિકેટ મળ્યું એટલું સારું છે. કરણ જોહરે ફિલ્મના પોસ્ટર પર તેનો અર્થ રજૂ કર્યો છે અને લખ્યું છે કે બાળકો વાલીના માર્ગદર્શનમાં ફિલ્મ જુએ. આ સરાહનીય કામથી પ્રભાવિત થઈ સેંસર બોર્ડે તેનો આભાર પણ માન્યો છે.

ઈસ્લામી આલમ

અનુસંધાન પાની ચારનું

સરકાર રશ્દી સાથે સહાનુભૂતિ રાખે છે પરંતુ આ સહાનુભૂતિની સામે સત્તા આવીને ઊભી છે. જયારથી પાકિસ્તાન બન્યું ત્યારથી કોંગ્રેસ મુસલમાનોનાં બળ પર સત્તા જીતે છે. પરંતુ સમયે એની પીઠમાં ખંજર ભોંકવાનું નથી ભૂલતી લંડનનું દૈનિક જંગ એની આવૃતિમાં લખે છે કે ભારતમાં કોંગ્રેસ જ થોડા બહોત મુસલમાનોની વાત માની લે છે. અન્ય પાર્ટીઓ તો હવે એની અવહેલના કરે છે અગર ભારતમાં ચૂંટણી નહીં હોત તો મુસલમાનોને કોઈ પૂછવા વાળું ન હોત.

ઉત્તર પ્રદેશમાં ઘણું બધું બદલાયું છે પરંતુ ચૂંટણીની રાજનીતિમાં દલિત અને મુસ્લિમ વોટ નથી બદલાયા જેનાં સમર્થનમાં તેઓ આંખો બંધ કરીને મત આપે છે. તેમના કારનામા સાંભળીને હવે એમની મહત્વકાંક્ષા વધારે જાગૃત થઈ છે. વોટમાં ગમે તેવું પરિવર્તન આવે પરંતુ મુસ્લિમ અને દલિત વોટ બેંક તો વર્ષોથી જેની સાથે છે એની સાથે જ રહેશે પરંતુ ટકાવારી ચોકકસ ઘટશે. કોંગ્રેસી સત્તાના પતન પછી દલિત વોટ માયાવતી તરફ આકર્ષિત થયા અને મુસ્લિમ વોટની માલિક સમાજવાદી પાર્ટી બની ગઈ. આથી ઉત્તર પ્રદેશમાં આ બંને વોટ બેંકના સહારે જ એ અનુમાન લગાવી શકાય કે આ વખતે કોની સરકાર બની શકશે. ભારતીય જનતા પાર્ટીને પણ પોતાની વોટ બેંક કોઈને કોઈ અર્થમાં અવશ્ય છે પરંતુ સૌથી ખરાબ સ્થિતિ તો કોંગ્રેસની છે જેના પરથી દરેકનો ભરોસો પૂરો થયો છે. રાહુલની રાજનૈતિક સીડી ઉત્તર પ્રદેશને બનાવવી એ મોટી ભૂલ છે. અગર અહીં કોંગ્રેસ હારી તો એ યુવરાજની હાર ગણાશે. રાહુલ કોંગ્રેસનાં બળ પર પ્રધાનમંત્રી તો બની શકે પરંતુ ઉત્તર પ્રદેશનાં પ્રધાનમંત્રી તો બિલકુલ નહીં.

મુંબઈથી પ્રકાશિત દૈનિક ઉર્દુ ટાઈમ્સે પોતાના ૩૦ જાન્યુઆરીનાં અંકમાં ઉત્તર પ્રદેશની ચૂંટણી સંદર્ભે લખ્યું છે કે નાની પાર્ટીઓ મોટી પાર્ટીઓ માટે પરેશાની બની છે. ઉત્તર પ્રદેશ, પૂર્વાચલ અને બુંદેલાખંડમાં ઉચ્ચ જાતિઓના વોટનું વિભાજન જય પરાજયનું સમીકરણ બગાડી શકે છે.

અગર મુસ્લિમ વોટ પર નજર કરીએ તો ડોકટર અય્યૂબ ગોરખપૂરીની પીસ પાર્ટી ૩૦૦ સીટ પર ચૂંટણી લડી રહી છે. જમાતે ઈસ્લામી સમર્થક વેલફેર પાર્ટી ૭૮ સીટો પર અને મુસ્લિમ લીગ ૩૨ સીટ પર પોતાનું ભાગ્ય અજમાવી રહી છે. પરિવર્તન મોરચાની સાથે એક ડઝન નાની અને સ્થાનિક પાર્ટીઓ પોતાની શાખ અને ઘૂસણખોરીને કારણે મોટી પાર્ટીઓ માટે પડકાર બની રહી છે. તેમ છતાં મોટી પાર્ટીઓએ મુસ્લિમોને મોટા પ્રમાણમાં ઉમેદવાર બનાવ્યા છે. બસપાને ૬૫, કોંગ્રેસને ૮૦, સમાજવાદી પાર્ટીએ ૬૫ જયારે ભાજપે માત્ર એક મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપી છે.

ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં કુલ ૨૨.૮ ટકા મુસ્લિમ વોટર છે. ચૂંટણીનું દૃશ્ય જોતા લાગે છે કે કોઈ એક પાર્ટીની સરકાર તો નથી બની શકતી આથી હંગ વિધાનસભા થશે પરંતુ હવે તો મિશ્ર પાર્ટીઓની સત્તાનો યુગ ચાલી રહ્યો છે આથી કોઈ બે અથવા તો બે થી વધારે પાર્ટીઓ મળીને સરકાર બનાવી શકે છે પરંતુ આજે મિલીજુલી પાર્ટીઓની સત્તાનો યુગ ચાલે છે. આથી કોઈપણ બે અથવા બે થી વધારે પાર્ટીઓ મળીને સરકાર બનાવી શકે છે. આથી કોંગ્રેસ અને બ.સ.પા.ની શકયતા વધારે છે છતાં મરતો માણસ શું ન કરે? એ સ્થિતિમાં કોંગ્રેસ સમાજવાદી પાર્ટી સાથે પણ મળી શકે છે. સરકાર બનતા જ પહેલા મુદ્દો ઉત્તર પ્રદેશના વિભાજનનો થશે.

૮૧ વિધાનસભાની સીટવાળી અને ૪૦૩ વિધાનસભા સીટ વાળા ઉત્તર પ્રદેશમાં અડધો ટકા વોટનું અંતર પણ સમગ્ર ચૂંટણીનાં પરિદૃશ્યને ખરાબ રીતે બદલી નાંખશે. પૂર્વમાં અડધા ટકા વોટને કારણે ભારતીય જનતા પાર્ટી અને સમાજવાદી પાર્ટીનું રાજપાટ છિનવાઈ ગયું હતું. આથી યુ.પી.ની ચૂંટણી દરેક દિગ્ગજો માટે પડકાર છે.

ઈન સાઈડ-આઉટ સાઈડ

અનુસંધાન પાનાં પહેલાનું

આધાર કાર્ડની અદ્ધરતાલ વાતો

સ્પેકટ્રમવાળી થઈ છે તેવી વિગત બહાર આવી રહી છે. યુઆઈડીની સૌથી શોકિંગ સ્ટોરીએ આવી કે આ પ્રોજેકટ અંતર્ગત જે માહિતી એકઠી કરાઈ રહી છે તેવી જ પ્રક્રિયા બીજી તરફ નેશનલ પોપ્યુલેશન રજીસ્ટ્રાર તરફથી પણ થતી હતી. દેશમાં આટલા મોટા પ્રમાણમાં ડબલ ખર્ચામાં એક કામ અટકાવતાં બે વર્ષ જેટલો સમય નીકળી ગયો અને યુઆઈડી હેઠળ ૧૬ રાજ્યોમાં ૧૭ કરોડથી વધુ રજીસ્ટ્રેશન પણ થઈ ચૂકયા છે. જો કે હાલમાં જ કેબિનેટ કમિટિમાં લેવાયેલા નિર્ણયમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે યુઆઈડી ૧૬ રાજ્યોમાં તેનું કાર્ય ચાલુ રાખશે ત્યારે બાકીના રાજયમાં નેશનલ પોપ્યુલેશન રજીસ્ટ્રાર કામગીરી બજાવી તે ડેટા યુઆઈડીને સુપરત કરશે.

યુઆઈડીમાં બાયોમેટ્રીક આઈડેન્ટીને સમાવવામાં આવી ત્યારે યુઆઈડીના કાર્ડનું આ સૌથી જમા પાસુ લાગતું હતું. પરંતુ ટેકિનકલી તપાસતા બાયોમેટ્રીક જ નબળી કડી સાબિત થાય તેવું બની રહ્યું છે. બાયોમેટ્રીક આઈડેન્ટી માટે બંને હાથની ફિંગર પ્રિન્ટ, આંખ અને શરીરના બીજી નિશાનીઓ લેવાથી એવી કોઈ જ ગેરેન્ટી રહેતી નથી જેના આધારે તુરંત જ બીજા વ્યકિતથી ડેટા અલગ કરી શકાય. બલ્કે બ્રિટનમાં તો બાયોમેટ્રીક ટેકનોલોજીને ઝીણવટથી તપાસતા સંશોધક એવા તારણાપર આવ્યા છે કે ફિંગર પ્રિન્ટના લાખોના સેમ્પલ મેચ કરવાનું કામ ખુબ અઘરૂ છે. તેને તમે મર્યાદિત સેમ્પલમાં મેચ કરી શકો પણ લાખોમાં તેની સરખામણી કરવી અશકય છે. આંખોના સેમ્પલ બાબતે પણ સંશોધકો એવું જ કહે છે કે, આંખોના સેમ્પલ બહુ કાળજીથી અને અનુરુપ લાઈટમાં લેવાયેલા હોય તો જ તે તેનાં ખરાં સેમ્પલ મળી શકે અને આ માટે બહુ સજ્જ સાધન-સામગ્રી અને ટ્રેઈન સ્ટાફ હોવો જરૂરી છે. આ તમામ વાતનું ધ્યાન ન રાખી શકવાથી જ બ્રિટનના આઈડેન્ટી કાર્ડમાંથી આંખના સેમ્પલ લેવાનું જ મુલતવી રાખવામાં આવ્યું હતું હવે જ્યારે બ્રિટન જેવા ટેકનોલોજીકલ પ્રુફ દેશ પણ આ બાબતમાં જોખમ લેતાં ડરે છે, ત્યાં આપણે અત્યાર સુધી તેની કોઈ જ ઉપયોગિતા તપાસ્યા વિના કરોડોમાં સેમ્પલ એકઠા કરી ચૂકયા છે.

ભારત પાસે આંખની ઓળખ મેળવવાની સજ્જતા નથી, ફિંગર પ્રિન્ટમાં આપણી ૧૫ થી ૨૦ ટકા પ્રજા એવી છે જેમની ફિંગર પ્રિન્ટ મશીન પર ઉપસતી જ નથી. મોટે ભાગે મજૂરી વર્ગમાં જોતરાયેલા આ વર્ગની ફિંગર પ્રિન્ટ ઉપસેલી નથી હોતી તેથી છેવટે જેમ-તેમ આ કામ પુરું કરવામાં આવી રહ્યું છે. બસ, આ જ રીતે 'પરફેકટ પહેચાન' આપવાની ટકાવારી ઘટતી જ જાય છે, જ્યારે યુઆઈડી પ્રોજેકટના ખર્ચના અંકાડા વધતાં જ જાય છે. અત્યાર સુધી વ્યકિતદીઠ ૫૦ રૂપિયમાં પડતા યુઆઈડી કાર્ડમાં પહેલું વહેલું બજેટ ૬૦૦૦ કરોડનું મૂકવામાં આવ્યું હતું. પરંતુ નંદન નીલેકાની કોર્પોરેટ સ્ટાઈલના આયોજનથી પણ ખર્ચના આંકડા ઘટયા નથી, બલ્કે વધી જ રહ્યાં છે. હવે આ પૂરા પ્રોજેકટનો ખર્ચ ૧૫,૦૦૦ કરોડને આંબી જશે તેવું પણ ચચાઈ રહ્યું છે.

આ સિવાય સૌથી મહત્વનો પ્રશ્ન થાય છે કે ભારતના દરેક નાગરિકનો એકત્રિત્ત થયેલો ડેટા સચવાશે કેવી રીતે? આપણે ત્યાં આર્દશ કૌભાંડના મહત્વના દસ્તાવેજ સરકારી દફતરોમાંથી અદશ્ય થતા હોય! દેશની સુરક્ષાને લગતી માહિતી સગેવગે થતી હોય તો તેયાં એક એક સામાન્ય વ્યકિતના ડેટા સાથે તો કોઈ પણ છેડછાડ કરી શકે છે અને જો એક સાથે લાખો સેમ્પલ કોઈને એક જગ્યાએથી મળી રહે તો તેની જવાબદારી કોણ લેવા તૈયાર થશે? આવા અસંખ્ય પ્રશ્નો ટેકનોલોજીથી સજ્જ દેશોમાં પણ ઊભા થયા છે. આ સાથે વેસ્ટર્ન દેશોમાં વારંવાર ઊભો કરવામાં આવતો પ્રાઈવસી વાળા મુદ્દાથી તો યુઆઈડીનો પૂરો પ્રોજેકટ જ અદ્ધરતાલ લટકી શકે છે. જેમાં પ્રાઈવેસી જોખમાય એવા કેટલાંય વિઘત સમાવામાં આવી છે. આમ, સુરક્ષાના કારણસર જ ઊભી તથી આ વ્યવસ્થામાં જ આપણી સુરક્ષા માટે જોખમી ના બની જાય તે જોવાનું રહેશે.

ગા રે મન મેરે ગા

અનુસંધાન પાનાં પાંચનું

કહૂં?

દિન છોટા, રાત બડી...'

સંગીત મદનમોહનનું-ફિલ્મ-'વો કૌન થીં?'

'લગ જા ગલે કિ ફિર યે હસીં રાત હો ન હો,

શાયદ ઈસ જનમમેં મુલાકાત હો ન હો...'

ફિલ્મ-'મમતા': 'રહે ના રહે હમ... મહકા કરેંગે...'

એ જ રોશનના સંગીતવાળું 'તાજમહલ'નું ગીતઃ

'જો વાદા કિયા વો નિભાના પડેગા... રોકે જમાના ચાહે રોકે ખુદાઈ, તુમકો આના પડેગા.'

'જોગી, હમ તો લૂંટ ગયે તેરે પ્યારમેં...' પ્રેમધવન-'શહિદ ભગતસિંહ.'

'સબ કુછ લૂંટાકે હોશ મેં આયો તો કયા કિયા?' 'એક સાલ.' સંગીત-રવિ.'દીવાના મુઝસા નહીં ઈસ અંબર કે નીચે,

આગે હૈ કાતિલ મેરા, ઔર મૈં પીછે પીછે!' 'તિસરી મંઝીલ' રાહુલદેવ.

સવારના પહોરમાં આમાંનું એકાદ ગીત પણ કાને પડી જાય તો આખો દિવસ સુધરી જાય! મિશ્ર રાગોવાળાં કેટલાંક ગીતો પણ જણાવી દઉંઃ

'કભી કભી મેરે દિલમેં' ખય્યામ (કલ્યાણ-પહાડી)

'દો દિલ ટૂટે, દો દિલ હારે' મદનમોહન (માંડ-પહાડી)

'કોરા કાગઝ થા યે મન મેરા..' 'આરાધના' (દુર્ગા-પહાડી) સચીનદેવ.

છેલ્લે સચીનદેવનાં જ કેટલાંક પહાડીગીતોનો ઉલ્લેખ કરીને પહાડીની વાત પૂરી કરીશ.

ફિલ્મઃ 'જ્વેલથીફ': 'દિલ પુકારે આ રે... આરે... અને 'રુલા કે ગયા સપના મેરા...'

ફિલ્મઃ 'નૌજવાન' 'ઠંડી હવાયેં... લહરા કે આયે...'

ફિલ્મઃ 'કાલાબાઝાર' 'ખોયા ખોયા ચાંદ...'

ફિલ્મઃ 'બાઝા' 'આજ કી રાત પિયા, દિલ ના તોડો...' (ગીતા રોય)

ફિલ્મઃ 'ગાઈડ' 'વહાં કૌન હૈ તેરા?'

છેલ્લે 'પ્રેમપૂજારી' 'ફુલોં કે રંગ સે...'

મિત્રો, 'અચ્છા, તો હમ ચલતે હૈ!' 'ફિર કબ મિલોગે?'

અલબત્ત, આવતા રવિવારે!

હ્યુમ(ન) રસ

અનુસંધાન પાનાં પાંચનું

કંકોતરીઓમાં સ્પષ્ટ સૂચના હોય છે કે ફક્ત આશીર્વાદ જ! નો ભેટ, નો ચાલ્લાં, નો રોકડ, નો ચેક. એવી કંકોતરીઓ હું એ ધાકે સાથે લઈ જાઉં છું કે કોઈ મને ખાલી હાથે ગયેલો ન ધારે.

કંકોતરીની હવેની ડિઝાઈન, તેના કલર, તેની સાઈજ આ બધું એટલું ચોંકાવનારું ને આનંદ પમાડનારું હોય છે કે શંકા પડે કે કંકોતરી છાપ્યાં પછી હવે જગતમાં કોઈ કામ કરવાનું રહેતું જ નથી.

એક કંકોતરી એવી આવી કે તેમાં લાઈટ ઝબૂકે અને સંભવિત પતિપત્ની, કાર્ડમાં જ ફેરા ફરતાં દેખાય. શરણાઈ વાગે. કંકોતરીમાં જ લગ્ન. કંકોતરી આપનાર મિત્રે મને ભારે ઉત્સાહથી કંકોતરી બતાવવા કાઢી, પણ લાઈટ કંઈ થઈ નહીં.

મેં કહ્યું, 'રહેવા દે, પછી જોઈ લઈશ.'

તો એ કહે, 'હોય કંઈ! કંકોતરી લગ્નની છે ન ચાલે તે તો ચાલે જ કેમ?'

પછી જોયું તો તેમાં સેલ નાખવાનો જ રહી ગયેલો. કંકોતરીનો આટલો વૈભવ જોતાં તમને એમ નથી લાગતું કે આવી એકાદ કંકોતરીનો નવોનકોર ચાન્સ તમને પણ મળવો જોઈએ? ઓલ ધ બેસ્ટ!

લવ યુ મમ્મી-પપ્પા

અનુસંધાન પાનાં પાંચનું

ફરિયાદ કરવી મને ન જ ગમે. હું અને મમ્મી ગમે એટલું ઝઘડીએ, પણ છેલ્લે તો એક જ છીએ એની મને ખબર છે. હું કોઈ બીજા સાથે આ વાત કરી શકતી નથી... મારી જાતને સમજી શકતી નથી. દરેક વાત સમજાય છે છતાં સ્વીકારી શકતી નથી. હું શું કરું પપ્પા?

તમે હોત તો આ બધી સમસ્યાઓ જ ના હોત... અને તમે એ જ મોટી સમસ્યા છે!

આ પત્ર હું ભગવાનની પાસે મૂકું છું. મને ખાતરી છે કે ભગવાન જ મને કોઈ રસ્તો સુઝાડશે. હું મારી મમ્મીને દુઃખી કરવા નથી માગતી. મને ખબર છે કે જો હું સ્વીકારી શકીશ. એક વાર હા પાડયા પછી જો મને એવું લાગે કે મારી ભૂલ થઈ ગઈ તો હું એને વધારે દુઃખી કરીશ. પપ્પા, તમે તો ભગવાનની પાસે રહેતા હશો-આ પત્ર તમને મળશે એવું માનું છું. મને જવાબ આપજો, પ્લીઝ. મારે મમ્મીને ચોવીસ કલાકમાં જવાબ આપવાનો છે. હું તામારા જવાબની રાહ જોઈશ.

તમારી દીકરી, પ્રાચી.